વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી

# નવસારી કૃષિ યુનિવર્સિટી

એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦

## પરિપત્ર

**વર્ષ ૨૦૧૭ની ખેડૂતોપયોગી સંશોધન ભલામણ મોકલવા બાબત...**

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ વિભાગીય વડાશ્રીઓ તેમજ સંશોધન એકમના વૈજ્ઞાનિકશ્રીઓને જણાવવાનું કે, દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ ખેડૂતોપયોગી સંશોધન ભલામણોની પુસ્તિકાનું છાપકામ કરવાનું થાય છે, જેથી વર્ષ ૨૦૧૭ માટે ૧૩મી સંશોધનોની સંયુકત બેઠકમાં આપની કચેરી તરફથી **ખેડૂતોપયોગી સંશોધન ભલામણો** મંજુર થયેલ હોય તો, ભલામણનું નામ **(ટાઈટલ)**, સંશોધનની વિગત ફોટોગ્રાફસ (jpg format) સાથે અને કચેરીનું નામ ગુજરાતી (LMG-Arun, Font size-14, word file)માં અત્રેની કચેરીનાં **ઈ.મેઈલ** tvs@nau.in પર નીચે મુજબના નમૂના પ્રમાણે તારીખઃ ૨૦/૦૮/૨૦૧૭ સુધીમાં અચૂક મોકલી આપવા વિનંતી છે.

**નમૂનો દા.ત.**

**ભલામણનુ શિર્ષકઃ સંસાધનોની જાળવણી અને હવામાન બદલાવ માટે પાક પધ્ધતિ વ્યવસ્થાપન**

**ભલામણઃ**

દક્ષિણ ગુજરાતના ભારે વરસાદવાળા વિસ્તાર (ખેત આબોહવાકીય પરિસ્થિતિ–૩)ના ખેડૂતોને હેકટરે વધુ ડાંગર સમકક્ષ ઉત્પાદન અને ચોખ્ખો નફો મેળવવા માટે પરંપરાગત ખેડ કરી જે તે પાકની ખાતરની ભલામણ કરતા ૨૫ ટકા વધારે રાસાયણિક ખાતર અને પાક અવશેષને જમીન સાથે ભેળવ્યા સિવાય ડાંગર–જુવાર–મગ પાક પધ્ધતિ અપનાવવાની ભલામણ કરવામાં આવે છે.



ડાંગર પછી જુવારનો પાક

[ભલામણ વર્ષઃ ૨૦૧૭, પ્રાધ્યાપક અને વડા, સસ્ય વિજ્ઞાન વિભાગ, ન.મ.કૃ.મ., ન.કૃ.યુ., નવસારી]

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

જા.નં..નકૃયુ/વિશિનિ/ડી.૧/વેબ.૪૦/૨૦૧૭.
નવસારી. તારીખઃ ૦૯/૦૮/૨૦૧૭.

**નકલ સવિનય રવાનાઃ–**

અત્રેની યુનિવર્સિટીના તમામ વિભાગીય વડાશ્રી તેમજ સંશોધન એકમના વૈજ્ઞાનિકશ્રીઓ તરફ જાણ તથા યોગ્ય થવા સારૂં.